**પરમ પુજય, પરમ ઉપકારી ગુરૂ ભગવંત પં.
શ્રી અભયસાગરજી મહારાજ સાહેબે, અત્યંત કરૂણા
કરી સંકલન કરી આપેલ શ્રી અષ્ટપ્રકારી**

## જિનપૂજાની વિધિ (સંક્ષિપ્તમાં)

પ્રભુની પૂજા એ પ્રભુ માટે નથી, પણ પ્રભુના આલંબને વીતરાગભાવ પોષક પરિણામની ધારાની કેળવણી માટે અને અનાદિથી વિસરાયેલા આપણા આત્મસ્વરૂપની પ્રતીતિ, અનુભૂતિ અને પ્રાપ્તિ માટે છે.

૧- દેરાસરમાં દાખલ થતા 'નિસીહિ :-

૨- દૂરથી પ્રભુમુખ જોતાં, બે હાથ મસ્તકે લગાડી 'નમો જિણાણં' બોલવું પછી-

૩- ત્રણ પ્રદક્ષિણા-

૧લી- "કાળ અનાદિ અનંતથી, ભવભ્રમણનો નહિ પાર;
તે ભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં સાર,
પ્રદક્ષિણા દેતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય;
પ્રદક્ષિણા તે કારણે ભવિક જન ચિત્ત લાય.

**'નમો જિણાણં'**

૨જી- "જીવાદિ નવ તત્ત્વની, સદ્દહણા સુખકાર;
જન્મ-મરણાદિ દૂરે ટળે, સીઝે જો દરિસણ સાર.
જ્ઞાન વડુ સંસારમાં, જ્ઞાન પરમસુખ હેત;
જ્ઞાન વિના જગજીવડો, ન લહે તત્ત્વ સંકેત."

**'નમો જિણાણં'**



૩જી "ચય તે સંચય કર્મનો, રિકત કરે વળી જેહ;
ચારિત્ર પદ તે નિરૂત્તે ભાખીયું, તે વંદો ગુણ ગેહ.
દર્શન જ્ઞાન ચારિત્ર એ, રત્નત્રયી નિરધાર;
પ્રદક્ષિણા તે કારણે, ભવ દુઃખ ભંજન હાર"

**'નમો જિણાણં'**

**સ્તુતિ-** ગભારા આગળ આવી અર્ધાવનત પ્રણામ કરી, શાંતિથી, મંદસ્વરે, ભાવપૂર્વક સમયાનુસાર ૧,૩,૫..સ્તુતિઓ બોલવી. કોઈ દર્શનાર્થીને અંતરાય ન પડે તેમ, પુરૂષોએ પ્રભુજીના જમણા હાથે અને સ્ત્રીઓએ ડાબી હાથ બાજુ ઉભા રહેવું.

**અષ્ટપ્રકારી પૂજા-**

ગભારા બહારથી મુખકોશ બાંધી, 'નિસીહિ' બોલી, ગભારામાં દાખલ થવું.

## ૧લી જલપૂજા

**મુદ્રા-** સમર્પણ મુદ્રા-બંને હાથની હથેળીમાં કળશ લઈ, મસ્તક નમાવી, **"નમોऽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ"** બોલી, જલપૂજાનો દૂહો બોલવો.

**દૂહો-**

"જળપૂજા જુગતે કરો, મોહ અનાદિ વિનાશ;
જળપૂજા ફળ સંયમરૂપે, માગો એમ પ્રભુ પાસ. "

તે પછી મંત્ર બોલવો.



**મંત્ર-** ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય, પરમપુરૂષાય, પરમાત્મને, પરમેષ્ઠિને શ્રીમતે (મુળ નાયકનું નામ) જિનેન્દ્રાય, સંસારવાસ મૂલભૂત, સ્ત્રી-અગ્નિ-સચિત જલ મધ્યે અપરિહાર્ય, સચિત જલ પરિભોગ પરિહારાય, આરંભ સમારંભ વિમોચનાય, સંયમ પ્રાપ્તયે, વીતરાગભાવ સંપાદનાય, જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, જલં યજામહે સ્વા...હા । -તે પછી ભાવના

**ભાવના-**

હે જિનરાજ ! હે જિનેશ્વર ભગવંત ! મારા મહત્ મહત્ પુણ્યના ઉદયથી આપના દર્શન-પૂજનનો અમૂલ્ય અવસર આજ મને પ્રાપ્ત થયો. આપની ઉપશમભરી, પરમ શાંત, વીતરાગ મુદ્રા નિહાળતાં,સત્શાસ્ત્ર અને સદ્ગુરૂ ભગવંતના પરમ અનુગ્રહથી મને મારા વિસ્મરાયેલા સ્વરૂપનું ભાન થયું કે જેવું તમારૂં પ્રગટ સ્વરૂપ છે તેવું જ સત્તાએ મારા આત્માનું સ્વરૂપ છે. એ સ્વરૂપની પ્રતીતિ, અનુભૂતિ અને પ્રાપ્તિ માટે, આપે નિષ્કારણ કરૂણા કરી કેવો સુંદર વિરતિમય-જયણામય "આશ્રવ સર્વથા હેય, સંવર-નિર્જરા ઉપાદેય" રૂપ, પરિપૂર્ણ ધર્મ પ્રકાશ્યો ! એ ધર્મનું યથાર્થ આરાધન કરી શકું તે માટે, અનાદિ



મિથ્યાત્વનો ક્ષયોપશમ થઈ, આપે પ્રકાશેલા જીવાજીવ,આદિ નવે તત્વોની યથાર્થ શ્રદ્ધા થઈ, સ્વ-પરનો વિવેક પ્રગટો કે હું દેહાદિ સ્વરૂપ નથી, પણ દેહમાં રહેલો છતાં દેહથી ભિન્ન, સત્-ચિત્-આનંદ સ્વરૂપ એવો આત્મા છું. વળી એવું જ જગતના જીવમાત્રનું સ્વરૂપ હોઈ, તેમના પ્રત્યે મૈત્રી, આદિ ભાવો પ્રગટો કે જેના ફળ સ્વરૂપે, તેમને અભયદાન દેવાના પરિણામ પ્રગટે. તેમજ સંસારની અનિત્યતા, અશરણતા, અસારતા, એકાંત દુઃખમયતાનો આપના વચન આધારે એવો યથાર્થ નિશ્ચય થાઓ કે જેથી ઉત્કૃષ્ટ વૈરાગ્ય પામી, આ જ ભવમાં આપશ્રીની આજ્ઞામાં રહેલા નિર્ગ્રંથ, ગીતાર્થ આત્મજ્ઞાની ગુરૂ ભગવંતની નિશ્રામાં વહેલામાં વહેલી તકે, જીવ માત્રને અભયદાન દેવાવાળી અને મને વિભાવદશાથી બચાવી, સ્વસ્વભાવમાં ટકાવી રાખનારી, દ્રવ્ય-ભાવ સર્વવિરતિ સ્વીકારૂં. આ ભાવનાના પ્રતીકરૂપે, તેના બાનાખતરૂપે, સંસારના મૂળભૂત પાયારૂપ સ્ત્રી, અગ્નિ અને સચિત જલ એ ત્રણમાંથી, જેના વિના સંસારી જીવન એક ડગલું પણ ન ચાલે એવું આ સચિત જલ, અનંત શકિતના હે સ્વામી ! આપના ચરણારવિંદમાં સમર્પણ કરૂં છું. પછી ૩ કે ૭ નવકાર ગણી, ધીમેથી કળશ નમાવી, પ્રભુના

નવ અંગે, ચંદનપૂજાના ક્રમ પ્રમાણે થોડું થોડું જળ ચઢાવવું, તે પછી અભિષેક કરવો-

**અભિષેક-**

કળશમાં પંચામૃત લઈ ભાવવું કે-"સવિ જીવ કરું શાસનરસી" એવી ઉદાત્ત, મંગળ, પરમોત્કૃષ્ટ ભાવકરુણાના ફળરૂપે બંધાયેલ તીર્થંકર નામકર્મના પ્રદેશોદયરૂપે દેવેન્દ્રો પોતાના સમકિતને નિર્મળ કરવા, અત્યંત બહુમાન અને ભક્તિપૂર્વક આપશ્રીના જન્મકલ્યાણકને ઉજવતાં મેરૂપર્વતના શિખર પર પંચામૃતનો જે અભિષેક કરે છે, તેના પ્રતીકરૂપે આ પંચામૃતથી હું અભિષેક કરૂં છું. આથી મારામાં ઉત્કૃષ્ટ જિનભક્તિ અને નિર્મળ સમકિત પ્રગટો"-એવી ભાવના ભાવતાં

"મેરૂ શિખર નવરાવે હો સુરપતિ, મેરૂ શિખર નવરાવે;
જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરૂપે હરિ આવે.
હો સુરપતિ - મેરૂશિખર નવરાવે"-

આ ઢાળ બોલી, મસ્તકથી શરૂ કરી અભિષેક કરવો. અભિષેકનો ક્રમ-મસ્તક, બે ખભા, બે બાવડાં, છાતી, પેટ, બે કાંડા, બે સાથળ, બે ઢીંચણ, બે અંગુઠા, અંજલિ પછી પાણીનો કળશ લઈ-

"જ્ઞાન કળશ ભરી, આતમા, સમતારસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં, કર્મ થયાં ચકચૂર"-

આ દૂહો બોલતાં, "હું અસંગ શુદ્ધ ચેતન છું"



એવા પરિણામરૂપ જળ દ્વારા, સમતારસના સ્વામી એવા શ્રી જિનને નવરાવતાં, મારાં અનાદિનાં મોહનીય કર્મો નાશ પામી રહ્યાંછે એવી ભાવના મનમાં ભાવતાં ભાવતાં, શુદ્ધ જળથી પ્રભુજીને નવ્હણ કરવું. પછી ૩ અંગલૂછણાં કરી-

## ૨જી ચંદનપૂજા કરવી

**મુદ્રા-** અંજલિ મુદ્રા કરી, ચંદનની વાટકી સહિતની થાળી અંજલિ પર રાખવી.

**નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ।**

**દૂહો-** શીતલ ગુણ જેમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ.

**મંત્ર-** ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય પરમપુરૂષાય પરમાત્મને પરમેષ્ઠીને શ્રીમતે...જિનેન્દ્રાય વિષયકષાય તાપ શાંતયે, અનંતાનંત આત્મગુણ પ્રાપ્તયે, જન્મ-જરા-મૃત્યુ નિવારણાય ચંદન યજામહે સ્વા...હા ।

**ભાવના:-**

હે પરમ શાંત ઉપશમ રસના સ્વામી ! છ-છ મહિના લાગલગાટ ગરમ કરેલો લોખંડનો ગોળો, ઉત્તમકોટીના બાવના ચંદનના સંયોગમાં આવવાથી તત્કાલ શીતલ થઈ જાય છે, તેમ અનાદિકાળના મિથ્યાત્વના



ઉદયને લીધે કુદેવ-કુગુરૂ-કુધર્મમાં સત્‌ની ભ્રાંતિને લીધે ધર્મના નામે, અને દેહાત્મબુદ્ધિના કારણે પર પદાર્થમાં અહં-મમત્વ અને સુખબુદ્ધિના કારણે, ત્રિવિધ તાપથી બળી રહેલો એવો હું, આ ચંદનપૂજાનાં માધ્યમથી આપના શરણે, સત્તામાં રહેલા મારા પરમ શાંત ઉપશમ સ્વરૂપને પ્રાપ્ત કરવા-પ્રગટકરવા આવ્યો છું. હે નાથ ! તે માટે જે કંઈ કરવાનું હોય તે મારી પાસે કરાવો. હું કંઈ જ જાણતો નથી, મને કંઈ જ આવડતું નથી. હું અબુધ અને અશક્ત છું. આપનો અનુગ્રહ એ જ મારૂ સર્વસ્વ છે. પછી ૩ નવકાર ગણી, પૂજા એવી રીતે કરવી કે પ્રભુના નવ અંગે બે વાર પૂજા થાય અને ત્રણ નવકારગણાય. તે ન ફાવે તો નવે અંગે 'નમો અરિહંતાણં', કે 'નમો જિણાણં જિઅ ભયાણં' મનમાં બોલતાં પૂજા કરવી.

## ૩જી પુષ્પપૂજા

**મુદ્રા-** અર્ધ અંજલિ મુદ્રા રાખી તેના પર પુષ્પ સહિતની થાળી રાખવી.

**નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ।**

**દૂહો-**
સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ;



સુમ જંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ.

**મંત્ર-** ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય, પરમ પુરૂષાય પરમાત્મને, પરમેષ્ઠીને શ્રીમતે...જિનેન્દ્રાય મિથ્યાત્વ દુર્ગંધ નિવારણાય, પૌદ્ગલિક વાસના ક્ષયાય, આત્મગુણ પ્રાપ્તયે પુષ્પાણિ યજામહે સ્વા...હા !

**ભાવના:-**

જેમ વાતાવરણની દુર્ગંધ પુષ્પની સુગંધથી દૂર થાય છે, તેમ હે ક્ષાયિક સમકિતના સ્વામી ! આ પુષ્પોના માધ્યમ દ્વારા થતી આપની ગુણ પૂજા દ્વારા, અનાદિથી મારા આત્મામાં રહેલી મિથ્યાત્વરૂપ દુર્ગંધ અને વિષયવિકારરૂપ વાસના દૂર થઈ, કાળક્રમે ક્ષાયિક સમકિત અને નિર્વિકાર દશા પ્રગટે એવી કરૂણા કરો. ચારે સંજ્ઞાઓ અને પાંચે ઈંદ્રિયોની વાસના આ ભવમાં જ અત્યંત મંદ પડી, કાળક્રમે સર્વથા નાશ પામે એવી કરૂણા કરો.

પછી એક નવકાર ગણી પુષ્પ ચઢાવવા. ઓછામાં ઓછાં ૩ ફુલ ચઢાવવાં - બે અંગુઠે એકેક, ત્રીજું અંજુલિમાં, જે આપણા સમર્પણ ભાવનું પ્રતીક છે.

## ૪ થી ધૂપ પૂજા :-

**મુદ્રા-** ઉભી અંજલિ મુદ્રા બંને હાથની પહેલી આંગળી વચ્ચે ધૂપસળી રાખવી.

**નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ।**

**દુહો-**

ધ્યાનઘટા પ્રગટાવીએ, વામ નયન જિનધૂપ;
મિચ્છત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ.

**મંત્ર-** ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય પરમ પુરૂષાય પરમાત્માને પરમેષ્ઠીને શ્રીમતે....જિનેન્દ્રાય મિથ્યાત્વ દુર્ગંધ નિવારણાય, ઉર્ધ્વગતિ પ્રાપ્તયે ધૂપં યજામહે સ્વા..હા ।

**ભાવના:**

હે નાથ ! જેમ ધૂપની સહજ સ્વાભાવિક ગતિ ઉર્ધ્વ છે તેમ મારા આત્માની પણ સહજ સ્વાભાવિક ગતિ ઉર્ધ્વ છે, પણ અનાદિકાળના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા કર્મના આવરણથી અધોગતિ પામી રહ્યો છે. હવે હે નાથ ! એવી સમજણ અને શક્તિ આપો કે આપની આજ્ઞાનું યથાર્થ પાલન કરીને, કાળક્રમે સઘળાં કર્મનો ક્ષય કરી, સાદિ અનંત ભાગે ઉર્ધ્વગતિ પામી, સિધ્ધશિલા પર બિરાજમાન થાઉં, અને પ્રાણીમાત્રને અભયદાન આપું.

## ૫ મી દીપક પૂજા :-

**મુદ્રા-** વિવૃત સમર્પણ મુદ્રા- બે અંજલિ પહોળી રાખી, તેમાં થાળી સહિત દીપક રાખી, તે અંજલિ નાસિકાથી જરા અધ્ધર રાખવી જેથી દીપક અને પ્રભુજીનું મુખ સીધી લીટીમાં દેખાય.



**નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ।**

**દુહો -**

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસીત લોકાલોક.

**મંત્ર-** ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય પરમ પુરૂષાય પરમાત્મને પરમેષ્ઠીને શ્રીમતે......જિનેન્દ્રાય અજ્ઞાન અંધકાર નિવારણાય, કેવળજ્ઞાન દીપક પ્રગટીકરણાય દીપં યજામહે સ્વા....હા

**ભાવના-**

હે નાથ ! જેમ દ્રવ્ય દીપકથી દ્રવ્ય અંધકાર દૂર થાય છે, તેમ આપશ્રીએ પ્રકાશેલ શ્રુતજ્ઞાનરૂપી દીપક દ્વારા મારાં અનાદિનાં અજ્ઞાન અને મોહરૂપ અંધકાર દૂર થઈ, સર્વવિરતિનું યથાર્થ પાલન કરતાં કરતાં, કાળક્રમે કેવળજ્ઞાનરૂપ દીપક પ્રગટે એવી કરૂણા

## ૬ઠ્ઠી અક્ષત પૂજા :

**મુદ્રા-** ચતુર્દલ પદ્મ મુદ્રા-અક્ષત જમણી હથેળીમાં લઈ, આંગળીઓ પ્રભુજીની તરફ રહે તેમ રાખી, તેના કાટખૂણે તેની નીચે ડાબી હથેળી રાખવી. **નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ।**



**દુહો-**

અક્ષત પૂજા પૂજીએ, અક્ષત ફૂલ દાતાર ;
પશુઆં રૂપ નિવારીને, નિજરૂપે કરનાર.

**મંત્ર-** ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય પરમ પુરૂષાય પરમાત્મને પરમેષ્ઠીને શ્રીમતે.....જિનેન્દ્રાય વિશુધ્ધ, અખંડ, અક્ષત સહજશુધ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્તયે, જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, અક્ષતાન્ યજામહે સ્વા...હા ।

**ભાવના:**

હે જિનરાજ ! જેમ ડાંગરના ફોતરાથી અળગા થયેલા ચોખા નિર્મળ થઈ ફરી ઉગી શકતા નથી, તેમ આપના વિશુદ્ધ આત્મસ્વરૂપને લક્ષમાં રાખી, આત્મશુદ્ધિના લક્ષે કરાતી આ અક્ષતપૂજા દ્વારા મારો આત્મા, આપની સર્વાંગીણ આજ્ઞા આરાધતો આરાધતો કાળક્રમે કર્મરૂપ છોતરાંથી અળગો થઈ, જન્મ-જરા મરણના ચકાવાથી મુકત થાય એવી કરૂણા કરો. પછી ૩ નવકાર ગણીને ઉભી મુઠી રાખી, સૌ પ્રથમ સાથિયાની ઢગલી કરવી. તેની ઉપર જ્ઞાન-દર્શન-ચારિત્રની ૩ ઢગલી એકેક નવકાર ગણી કરવી. છેલ્લે સિધ્ધશીલાની ઢગલી એક નવકાર ગણી કરવી. આકૃતિ બનાવવાની શરૂઆત ઉપરથી કરવી.



જ્ઞા - દ - ચા

• • •

卐

## ૭ મી નૈવેદ્ય પૂજા

**મુદ્રા-** સંપુટ મુદ્રા-નૈવેદ્યને ડાબી હથેળીમાં લઈ. તેના પર જમણી હથેળી ઉંધી રાખવી.

**નમોઽર્હત્ સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ।**

**દુહો-**

અણાહારી પદ મે કર્યાં, વિગ્ગહ ગઈય અનંત;
દૂર કરીને દીજીયે, અણાહારી શિવશંત.

**મંત્ર-** ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય, પરમ પુરૂષાય, પરમાત્મને પરમેષ્ઠીને શ્રીમતે......જિનેન્દ્રાય સંસાર વાસમૂલભૂત આહારસંજ્ઞા નિવારણાય, અણાહારી પદ પ્રાપ્તયે, નૈવેદ્યં યજામહે સ્વા....હા ।

**ભાવના:**

હે નાથ ! આપના અણાહારી સ્વરૂપનું ઓળખાણ થતાં, સત્તામાં રહેલા મારા અણાહારીપદને પ્રામ કરવાની ભાવનાના પ્રતીક તરીકે આ નૈવેધ આપના ચરણમાં સમર્પણ કરૂં છું. હે નાથ ! હવે આ દેહ કે જે જિનાજ્ઞા આરાધનાનું અનિવાર્ય સાધન છે, તેને ટકાવવા પુરતું અનાસક્તભાવે,

રસલોલુપતા વગર, સાક્ષીભાવે, કેવળ પુદ્‌ગલના સમુહરૂપે, કોઇ પચ્ચક્‌ખાણપૂર્વક અલ્પ આહાર હો કે જેથી આહારસંજ્ઞા આ ભવમાં જ એવી મંદ પડી જાય કે ભવાંતરે જ્યારે શ્રી જિનેશ્વર ભગવંતનો સાક્ષાત્‌ યોગ પામું ત્યારે, ઉત્કૃષ્ટ બાહ્યઅભ્યંતર તપમાં ઉજમાળ થઇ, વહેલામાં વહેલી તકે ચારે સંજ્ઞાઓનો નાશ કરી, મારા અણાહારી પદને પામું, એવો અનુગ્રહ કરો, પછી ૧ નવકાર ગણી નૈવેદ્ય અણહારી પદના પ્રતીકરૂપ સિધ્ધશીલા પર મુકવું.

## ૮ મી ફલપૂજા :

**મુદ્રા-** વિવૃત્ત સમર્પણ મુદ્રા - બંને હાથની પહોળી હથેળીઓ સંયુક્ત રીતે ગોઠવી, તેના પર ફળ સહિતની થાળી મુકવી.

**નમોઽર્હત્‌ સિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ।**

**દુહો-**

ફળપૂજા કરતાં થકાં, સફળ કરો અવતાર;
ફળ માગો પ્રભુ આગળે, તાર તાર મુજ તાર.

**મંત્ર-** ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય, પરમ પુરૂષાય, પરમાત્મને પરમોષ્ટીને શ્રીમતે......જિનેન્દ્રાય સંસાર વાસના ઉચ્છેદનાય, મુક્તિફળ પ્રાપ્તયે ફલં યજામહે સ્વા....હા ।

**ભાવના :**



હે નાથ ! સંસારી ફળની કામનાથી કર્મોની પરંપરા અને તેથી સંસાર પરિભ્રમણ વધે છે. આ ફળ આપના ચરણકમળમાં સમર્પણ કરવા દ્વારા, મારામાં મુક્તિફળની મંગલકામના પ્રગટો, ઇચ્છા માત્રનો નાશ થઇ, મારૂં પૂર્ણ નિષ્કામ સ્વરૂપ, પરમ નિરિહ સ્વરૂપ, હે પ્રભુ ! આપના અનુગ્રહથી પ્રગટો- પછી એક નવકાર ગણી ફળ સાથિયા ઉપર મૂકવું.

## દ્રવ્ય (નાણું) પૂજા :

**મુદ્રા-** અર્ધઅંજલિ મુદ્રા કરી, અંજલિમાં નાણું મૂકવું.

**મંત્ર-** ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય, પરમ પુરૂષાય, પરમાત્મને પરમેષ્ટીને શ્રીમતે......જિનેન્દ્રાય પરિગ્રહ સંજ્ઞા નિવારણાય, નિર્મમભાવ ચ અસંગ દશા પ્રગટીકરણાય દ્રવ્યં યજામહે સ્વા...હા ।

**ભાવના :**

હે નાથ ! અનાદિ મિથ્યાત્વને લીધે, દેહાદિ જડ-ચેતન સંયોગમાં અહં-મમત્વ, અને સાનુકુળ સંયોગોમાં સુખબુદ્ધિના કારણે, તેની પ્રાપ્તિના કારણરૂપ ધનમાં તીવ્ર આસક્તિના લીધે, અનાદિકાળથી આર્ત-રૌદ્ર ધ્યાન સેવતો ચારે ગતિમાં પરિભ્રમણ કરી રહ્યો છું. હે નાથ ! મારા મહત્‌ પુણ્યના ઉદયથી આપના નિર્મમ



અને અસંગ સ્વભાવનું દર્શન થતાં, મને મારા સત્તામાં રહેલા તે સ્વભાવનું ઓળખાણ થતાં, તે સ્વભાવ પામવાના પ્રતીકરૂપે આ ધન આપના ચરણારવિંદમાં સમર્પણ કરૂં છું. આપના અનુગ્રહથી આ જ ભવમાં, મુર્ચ્છા માત્ર મંદ પામી, કાળક્રમે પરમ અસંગ દશા પામું એવી કરૂણા કરો. પછી એક નવકાર ગણી નાણું સાથિયા પર મુકવું.

## દર્પણ પૂજા

હે નાથ ! જેમ દર્પણ નિર્મળ હોવાથી તેમાં આપનું પ્રતિબિંબ પડે છે, તેમ મારા આત્મામાં રહેલી રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપ મલીનતા અત્યંત મંદ થઇ, નિર્મળ થયેલા મારા આત્મામાં, આપના સ્વરૂપનું પ્રતિબિંબ પડતાં, અંતરાત્મ દશા પ્રગટો અને ભવાંતરે આપનો સાક્ષાત્‌ યોગ પામી, આપની આજ્ઞાનું આરાધન કરતાં કરતાં પૂર્ણ પરમાત્મ સ્વરૂપ પામું એવી કરૂણા કરો.

## ચામર પૂજા :

**દુહો :-**

બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે;
જઇ મેરૂ ધરી ઉત્સંગે, ઇન્દ્ર ચોસઠ મળીયા રંગે :
પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા, ભવોભવના પાતિક ખોવા.



**ભાવના :**

- હે નાથ ! તીર્થંકર નામકર્મના વિપાકોદયરૂપે સમવસરણમાં પધારી, નિષ્કારણ કરૂણાથી ધર્મતીર્થની સ્થાપના કરી, વસ્તુ સ્વરૂપને યથાર્થ રીતે પ્રકાશી, જીવમાત્રને અભયદાન અને ભવ્યજીવોને અવ્યાબાધ સુખનો માર્ગ બતાવી અનંત ઉપકાર કરનાર એવા આપને, અનંત કોટી વંદના હો ! હે નાથ ! જો આપે આ તીર્થની સ્થાપના ન કરી હોત તો અબુધ, અશક્ત, પામર એવા અમારૂં શું થાત ? હે કૃપા નિધાન ! આપના અનુગ્રહથી આ ભવમાં ઉત્કૃષ્ટ અંતરાત્મદશા પામી, ભવાંતરે આપશ્રીનો સાક્ષાત યોગ પામી, આપની સર્વાંગીણ આજ્ઞા આરાધતો થકો, મારા સત્તામાં રહેલા સિધ્ધ સ્વરૂપને પામું, જેથી એક જીવ અવ્યવહારરાશીમાંથી બહાર નીકળી, વ્યવહારરાશીમાં આવે અને કાળક્રમે સિદ્ધ થાય-પરંપરાએ અનંતા જીવો સિધ્ધ ગતિને પામો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ